Sandesh (Gandhinagar)
Dt: 03/10/2025, Pg. no. 01

### કમિશનર મેટ્રોરેલ સેફ્ટી સમક્ષ મંજૂરી માટે દરખાસ્ત કરાશે

# નૂતન વર્ષથી મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડશે

**સફળ ટ્રાયલ** અત્યારસુધી સચિવાલય સુધી મેટ્રો દોડતી હતી : વધુ પાંચ સ્ટેશનો પર ટ્રાયલ રન કરાઈ





। ગાંધીનગર । (સં.ન્યૂ.સ.)

ગાંધીનગર અમદાવાદ વચ્ચેના મેટ્રોરેલ પ્રોજેક્ટના સેકન્ડ ફેઝની કામગીરી પુર્ણતાના આરે છે. આજે સચિવાલયથી મેટ્રોરેલના અંતિમ સ્ટેશન ગણાતા મહાત્મા મંદિર સુધીના રૂટ પર મેટ્રોરેલની સફળ ટ્રાયલ રન કરવામાં આવી હતી. આ ટ્રાયલરન પુર્ણ થતા જ આગામી દિવસોમાં આ મામલે મેટ્રોરેલ સેફ્ટિ સમક્ષ મંજુરી અર્થે દરખાસ્ત કરવામાં આવશે. જે મંજુર થયે સંભવત : નૂતન વર્ષના આરંભથી મહાત્મા મંદિર સુધીના અંતિમ રૂટ સુધી મેટ્રોરેલ દોડતી થશે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચેના મેટ્રોરેલ સેવા શરૂ કરવાનું તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વપ્ન હતું. જે સ્વપ્ન પુર્ણ થવાના આરે છે. મેટ્રોરેલના પથમ ફેઝમાં અમદાવાદથી મોટેરા સુધી મેટ્રોરેલ સેવા શરૂ કરવામાં આવી હતી. સેકન્ડ ફેઝમાં મોટેરાથી મહાત્મા મંદિર સુધીની મેટ્રોરેલનું કામ યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યુ હતું. જે આજે અંતિમ તબક્કામાં છે. અત્યાર સુધીમાં મોટેરાથી સચિવાલય વચ્ચેના ૧૭ સ્ટેશનો પર મેટ્રોરેલ દોડી રહી છે. બે વર્ષ પુર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેટ્રોરેલને લીલીઝંડી આપી હતી. જે સેક્ટર-૧ સ્ટેશન સુધી કાર્યરત હતી. ત્યારબાદ સમાયંતરે સચિવાલય, સેક્ટર-૧૦, કોબા ગામ, કોબા સર્કલ જેવા મેટ્રોરેલ સ્ટેશનના કામો પુર્ણ થતા આ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા હતા. હાલના તબક્કે અમદાવાદથી સચિવાલય સ્ટેશન સુધી મેટ્રોરેલ દોડી રહી છે.મેટ્રોરેલનું છેલ્લુ સ્ટેશન મહાત્મા મંદિર છે. સચિવાલયથી મહાત્મા મંદિર સુધીઆવતા અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ સ્ટેશનોના કામ પ્રગતિ હેઠળ હતા. જે કામો મોટાભાગે પુર્ણ થતા આજે મેટ્રોરેલ તંત્ર દ્વારા સચિવાલયથી ઉપરોક્ત પાંચ સ્ટેશનો પર મેટ્રોરેલની ટ્રાયલ રન કરવામાં આવી હતી. આ ટ્રાયલ રન સફળ રહી હતી. વિજયા દશમીના પાવન પર્વે જ અંતિમ સ્ટેશન સુધીની ટ્રાયલ રન સફળ રહેતા અમદાવાદ ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટ પુર્ણ થવાના આરે છે. જેના પગલે નૂતન વર્ષના આરંભથી જ અમદાવાદથી છેક મહાત્મા મંદિર સુધી મેટ્રોરેલ દોડતી થશે. આ પુર્વે ટ્રાયલન રન પુર્ણ થયા બાદ કમિશનર મેટ્રોરેલ સેફ્ટિ સમક્ષ મંજુરી અર્થે દરખાસ્ત કરવામાં આવશે. જેને મંજુરી મળતા જ ઉપરોક્ત સ્વપ્ન સાકાર થશે. ઉલ્લેખનીય છેકે, અમદાવાદથી ગાંધીનગર વચ્ચે કુલ ૬૮ કિલોમીટરના રૂટ પર મેટ્રોરેલ દોડશે. જેના પર ૫૩ જેટલા મેટ્રોસ્ટેશન આવેલા છે. મેટ્રોરેલ સેવાથી મુસાફરોને સસ્તી અને આરમદાયક સેવા ઉપલબ્ધ બનશે.